ISSN 2349-5596

CERC
Since 1978

# ગ્રીન ઇનસાઇટ્સ

ન્યુઝલેટર ઓન "એન્વાયરમેન્ટ લિટરસી - ઈકો-લેબલીંગ એન્ડ ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ"

એપ્રિલ - જૂન, ૨૦૨૪, વોલ્યુમ ૧૯ નંબર ૧




# પર્યાવરણલક્ષી ઉપભોક્તા સમુદાયનું સર્જન કરવા માર્ગદર્શન

સ્પોન્સર્ડ બાય
મિનિસ્ટ્રી ઓફ એન્વાયરમેન્ટ, ફોરેસ્ટ એન્ડ કલાઈમેટ ચેન્જ, ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા
એન્વાયર્મેન્ટલ ઇન્ફોર્મેશન, અવેરનેસ, કેપેસિટી બિલ્ડિંગ એન્ડ લાઇવ્લીહૂડ પ્રોગ્રામ (EIACP) રિસોર્સ પાર્ટનર
ઓન એન્વાયરમેન્ટ લિટરસી - ઈકો-લેબલીંગ એન્ડ ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ

# ગ્રીન ઇનસાઇટ્સ

એપ્રિલ – જૂન, ૨૦૨૪


શ્રી પ્રફુલ અમીન
CERC, ચેરમેન

ઉદય માવાણી
ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર

**સંપાદકીય ટીમ**

અનિંદિતા મહેતા
પ્રોગ્રામ કોઓર્ડિનેટર

ડો. કાર્તિક અંધારિયા
પ્રોગ્રામ ઓફિસર

કરણ ઠક્કર
ઇન્ફોર્મેશન ઓફિસર


મયુરી ટાંક
આઇ. ટી. ઓફિસર

આયુષી માણેક
ઇન્ટર્ન, CERC-EIACP

IZGARA DESIGN
ડિઝાઇન અને ગ્રાફિક્સ


## અનુક્રમણિકા


- પ્રસ્તાવના ૨
- પર્યાવરણલક્ષી ઉત્પાદનોની ઓળખ અને સુમાહિતગાર વિકલ્પોની પસંદગી ૩
- ભારતમાં ઇકો માર્ક અને ગ્રીન સર્ટિફિકેશન ૫
- ઈવેન્ટસ (એપ્રિલ - જૂન, ૨૦૨૪) ૮



## પ્રસ્તાવના

હાલ દુનિયામાં ઉપભોક્તાઓ અનેક વિકલ્પો ધરાવે છે અને પર્યાવરણ માટે જવાબદાર કે સાનુકૂળ નિર્ણયો લેવા ભારે પડી શકે છે. અહીં તમને "નેવિગેટિંગ ગ્રીન કન્ઝ્યુમર લેન્ડસ્કેપ" એટલે કે પર્યાવરણલક્ષી ઉપભોક્તા સમુદાયનું સર્જન કરવા માર્ગદર્શન ઉપયોગી થાય છે – જે તમારાં અને પૃથ્વી કે પર્યાવરણ એમ બંને માટે લાભદાયક રીતે સુમાહિતગાર પસંદગીઓ કરવા માર્ગદર્શન પ્રદાન કરે છે. પર્યાવરણને અનુકૂળ સાતત્યપૂર્ણ કામગીરી પર વૈશ્વિક સ્તરે સંવાદ થઈ રહ્યો છે અને ઉપભોક્તા ઘણી તાકાત ધરાવે છે એમાં શંકાને સ્થાન નથી. આપણે જે ઉત્પાદનો ખરીદીએ, જે વિવિધ બ્રાન્ડને ટેકો આપીએ અને એનો નિકાલ કરવા આપણે જે રીત અપનાવીએ – આ તમામ બાબતો આપણાં પર્યાવરણમાં ઉત્સર્જનમાં પ્રદાન કરે છે. પરંતુ એક યા બીજા ઉત્પાદન પર "ગ્રીન" એટલે કે પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનોનું લેબલ જોવું અને એનાથી વિસંગત માહિતી સાથે ઉપભોક્તાઓ માટે નિર્ણય લેવાનું જટિલ બની શકે છે.

આ ન્યૂઝલેટરનો ઉદ્દેશ તમને ઉચિત દિશા આપવાનો છે. અમે ગ્રીનવોશિંગની ઉચિત સમજણ આપીશું તથા પર્યાવરણલક્ષી ઉપભોક્તા બનાવવા તમને સક્ષમ કરવા સ્પષ્ટ, કામ કરી શકાય એવી ઉપયોગી જાણકારી પ્રદાન કરીશું. આપણે ઇકો-લેબલ્સની સમજણથી લઈને વિવિધ સામગ્રીઓ અને ઉત્પાદનની પ્રક્રિયાઓની પર્યાવરણલક્ષી અસર સમજણ સુધી વિવિધ મુદ્દાઓ પર જાણકારી આપીશું.

પરંતુ "નેવિગેટિંગ ગ્રીન કન્ઝ્યુમર લેન્ડસ્કેપ" ઉત્પાદનોની પસંદગીથી વિશેષ છે. અમે તમારો કુલ ઉપભોગ ઘટાડવા, કચરાને લઘુતમ કરવા અને પર્યાવરણલક્ષી જીવનની રીતો ચકાસવા જેવા વિવિધ મુદ્દાઓની ચર્ચા કરીશું. યાદ રાખો – દરેક નાની કામગીરી ઉપયોગી થાય છે અને રોજિંદી આદતોમાં નાનાં નાનાં ફેરફારો પણ મોટો ફરક પાડી શકે છે.

છેવટે આ ન્યૂઝલેટર જાગૃત ઉપભોક્તાનાં સમુદાયને પ્રોત્સાહન આપવા માટે છે. અમારું માનવું છે કે, સહિયારી કામગીરી સાથે સુમાહિતગાર પસંદગીઓ નોંધપાત્ર સકારાત્મક અસર ઊભી કરી શકે છે. એટલે આ સફરમાં અમારી સાથે જોડાવ! ચાલો આપણે પર્યાવરણલક્ષી ઉપભોક્તા સમુદાય ઊભો કરવા ખભેખભો મિલાવીને કામ કરીએ અને પર્યાવરણને અનુકૂળ ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરીએ, સુમાહિતગાર રીતે ઉચિત ઉત્પાદનની ખરીદી કરીએ.

## પર્યાવરણને અનુકૂળ સુમાહિતગાર નિર્ણયો લેવા અને કામગીરી કરવી
## પર્યાવરણલક્ષી ઉત્પાદનોની ઓળખ અને સુમાહિતગાર વિકલ્પોની પસંદગી

### ઇકો-લેબલ્સની સમજણ

**ECO Mark Logo**

**પર્યાવરણનું રક્ષણ કરવામાં દરેક વ્યક્તિ ભૂમિકા ભજવે છે.** તેમાં વ્યવસાયો, સરકારો અને નાગરિકો સામેલ છે. ભારત પર્યાવરણલક્ષી કામગીરીઓ કરવા અને પોતાનાં ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જનને ઘટાડવા પ્રગતિ કરી રહ્યો છે. આપણે કેટલીક રીતો થકી આ જોઈ શકીએ છીએ, જેમ કે વધુને વધુ સ્ટીલ કંપનીઓ પર્યાવરણને અનુકૂળ પ્રમાણપત્રો મેળવી રહી છે અને ભારતમાં નવા ઇકો-લેબલ્સ પ્રસ્તુત થવા. વર્ષ ૨૦૧૬થી અત્યાર સુધી પર્યાવરણને અનુકૂળ બિલ્ડિંગોની સંખ્યા પણ બમણી થઈ છે અને કેટલાંક દરિયાકિનારાઓ બ્લૂ ફ્લેગ સર્ટિફિકેશન મેળવવા પર્યાવરણલક્ષી ઊંચા ધારાધોરણોને પૂર્ણ કરે છે.

**પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનોની પસંદગી ચાવીરૂપ છે.** જ્યારે કંપનીઓ અને સરકારો ઇકો-લેબલ્સ ધરાવતાં ઉત્પાદનો બનાવે છે, ત્યારે ઉપભોક્તાોએ પણ તેમની ભૂમિકા અદા કરવી પડશે. જ્યારે તમે ફર્નિચર ખરીદો, ત્યારે ફોરેસ્ટ સ્ટિવર્ડશિપ કાઉન્સિલ (FSC) લેબલ ચકાસો. આ લેબલ દર્શાવે છે કે, લાકડું જવાબદાર રીતે વ્યવસ્થાપન થતાં જંગલમાંથી મેળવવામાં આવ્યું છે. એ જ રીતે ઊર્જાદક્ષ ઇલેક્ટ્રોનિક ચીજવસ્તુઓ માટે ઊંચું સ્ટાર રેટિંગ જુઓ. વિવિધ ઉત્પાદનો અને સેવાઓ માટે ઘણાં ઇકો-લેબલ છે, જેથી તમે પર્યાવરણ માટે શ્રેષ્ઠ વિકલ્પોની પસંદગી કરી શકો છો.

| | |
|---|---|
| ECO MARK SCHEME IN INDIA AND CERTIFICATION | “ઇકો-માર્ક”ને ભારત સરકારે પ્રસ્તુત કર્યું છે, જેનો ઉદ્દેશ લોકોને પર્યાવરણલક્ષી ઉત્પાદનો વિશે જાગૃત કરવાનો છે. આ અતથી ઇતિ અભિગમ અપનાવે છે. ઇકો-માર્કનો ઉપયોગ કરી શકે એવા ઉત્પાદન સાબુ, ડિટર્જન્ટ, બેટરી, કોસ્મેટિક, પેપર, ટેક્સટાઇલ વગેરે છે. |
| India Organic | ઇન્ડિયા ઓર્ગેનિક ઇકો માર્ક ભારતમાં ઓર્ગેનિક રીતે ખેતી થતાં ઉત્પાદનો માટે એક પ્રમાણપત્ર છે, જે તેમનું ઉત્પાદન ચોક્કસ રસાયણો વિના અને રાષ્ટ્રીય ઓર્ગેનિક ધારાધોરણોને પૂર્ણ કરીને થાય છે એની ખાતરી આપે છે. |
| FSC www.fsc.org FSC® C177426 The mark of responsible forestry | FSC જંગલોનું વધારે સારી રીતે વ્યવસ્થાપન કરવા અને બજારમાં પરિવર્તન લાવવા મુખ્ય પ્રેરકબળ છે. એનો ઉદ્દેશ દુનિયામાં જંગલોને વધારે પર્યાવરણલક્ષી બનાવવાનો, સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો, પુનઃસ્થાપિત કરવાનો અને તમામ હિતધારકો માટે ગરિમાયુક્ત જીવન સુનિશ્ચિત કરવાનો છે. |

| | |
|---|---|
| FAIRTRADE ® | વંચિત ખેડૂતો અને ઉપભોક્તાઓ સાથે કામદારોને જોડવા, વેપારની ઉચિત શરતોને પ્રોત્સાહન આપવા તથા ખેડૂતો અને કામદારોને ગરીબીનો સામનો કરવા સશક્ત બનાવવા, તેમની સ્થિતિ સુધારવા અને તેમને તેમનાં જીવન પર વધારે નિયંત્રણ આપવા. |
| GLOBAL ORGANIC TEXTILE STANDARD · GOTS · | ગ્લોબલ ઓર્ગેનિકનાં વિકાસ, અમલીકરણ, ખરાઈ, સંરક્ષણ અને પ્રોત્સાહન. |

### ગ્રીનવોશિંગ vs પર્યાવરણલક્ષી સ્વભાવિક કામગીરી

કોઈ ઉત્પાદન ગ્રીન નામ ધરાવે છે કે એનાં ગુણો વિશે જણાવે છે એટલે એનો અર્થ એ નથી કે એ ઉત્પાદન પર્યાવરણને અનુકૂળ છે. કંપનીઓ તમને તેમનાં ઉત્પાદનો પર્યાવરણ માટે સારાં છે એવું વિચારવા ગેરમાર્ગે દોરી શકે એવી યુક્તિઓ અજમાવી શકે છે. ગ્રીનવોશિંગ એટલે ફક્ત નામ નહીં - તેમાં કંપનીઓ ઉત્પાદનની જાહેરાત કેવી રીતે કરે છે એ બાબત પણ સામેલ છે.

અહીં થોડી વાર અટકીએ અને કેટલાંક ઉદાહરણો જોઈએ, જેમાં કંપનીઓ ગ્રીનવોશિંગ યુક્તિઓનો ઉપયોગ કરતી હોય એવું બની શકે છે. "કુદરતી" કે "પર્યાવરણને અનુકૂળ" જેવા શબ્દોનો ઉપયોગ કરતી કંપનીઓનો વિચાર કરો, પરંતુ હકીકતમાં તે કોઈ પ્રમાણપત્ર ધરાવતી નથી કે પર્યાવરણલક્ષી તેમની અસરો વિશે વિગતવાર સ્પષ્ટ માહિતી આપતી નથી.

કોઈ ઉત્પાદન પર્યાવરણને અનુકૂળ છે કે નહીં અને કોઈ પ્રમાણપત્ર ધરાવે છે કે નહીં એ બાબત ચકાસવા એનાં પેકેજિંગની કોઈ પણ બાજુએ ઇકો-લેબલ ચકાસો. તમે એ ચોક્કસ ઇકો-લેબલની વેબસાઇટ જોઈ શકો છો, જેમાં એ ઉત્પાદન વિશે અન્ય વિગતો મળશે, જેમ કે ઉત્પાદન માટે ઇકો-લેબલની માન્યતા, ક્યારે પ્રમાણપત્ર અપાયું હતું વગેરે.

### લાઇફ સાયકલ એસેસ્સમેન્ટ (LCA - જીવનચક્રનું મૂલ્યાંકન)ની વિભાવનાની સમજણ

જીવનચક્રનું મૂલ્યાંકન શરૂઆત (કાચી સામગ્રી)થી અંત (નિકાલ) સુધી ઉત્પાદનોની પર્યાવરણલક્ષી અસરને ઓળખવામાં મદદરૂપ થાય છે. LCA ઇકો-લેબલ્સ અગાઉ એક પગલું છે, કારણ કે ઇકો-લેબલ્સ સંપૂર્ણ ચિત્ર રજૂ કરતું નથી. બીજી તરફ, LCA સંપૂર્ણ ગણાય છે એટલે કે ઉત્પાદનની બનાવટ, એનું પરિવહન, એનો વપરાશ કેવી રીતે થાય છે અને પછી એનો નિકાલ કેવી રીતે થાય તથા એની અસરો વિશે જણાવે છે. આ અભિગમ ઉત્પાદનની પર્યાવરણલક્ષી અસરનું મૂલ્યાંકન કરવાનો એક અભિગમ છે, જેને અતથી ઇતિ સુધીનો અભિગમ પણ કહેવાય છે.

### ઇકોલેબલ્સનાં પ્રકારો

#### ટાઇપ I લેબલ્સ

આ એક સ્વૈચ્છિક કાર્યક્રમ છે, જે અંતર્ગત વિચારણા હેઠળ આવેલા ઉત્પાદનની પર્યાવરણલક્ષી તમામ કામગીરીઓનું વિસ્તૃત વિશ્લેષણ કર્યા પછી લાઇસન્સ આપવામાં આવે છે. ટાઇપ I લેબલ્સને ઉપભોક્તા શિક્ષણ માટે ગોલ્ડ કે સર્વશ્રેષ્ઠ ધારાધોરણ પણ કહેવાય છે, કારણ કે આ પ્રમાણપત્ર આપવા કામ કરતી સ્વતંત્ર ધોરણે કામ કરતી સંસ્થા છે. સામાન્ય ઉદાહરણોમાં ઇકો-માર્ક, BEE ઊર્જાદક્ષતા લેબલિંગ, વન નેતૃત્વ પરિષદ વગેરે.

#### ટાઇપ II લેબલ્સ

ટાઇપ II પર્યાવરણલક્ષી જાહેરાતો ઉત્પાદન કે ઉત્પાદનની જાહેરાતો પર ઉત્પાદન કે સેવાનાં ખાસ પર્યાવરણલક્ષી પાસાં પર ભાર મૂકતી પરિભાષા અને સંકેતોનો ઉપયોગ કરે છે. આનો ઉદ્દેશ પર્યાવરણની દ્રષ્ટિ સભાન ઉપભોક્તાઓને ઉત્પાદનની પર્યાવરણલક્ષી ખાસિયતોથી વાકેફ કરાવીને આ પ્રકારનાં ઉત્પાદનોનો બજારહિસ્સો વધારવાનો છે.જોકે આ પોતાની રીતે જાહેરાત થતાં પર્યાવરણલક્ષી દાવાઓ છે અને ઘણી વાર એની ખરાઈ કરવી મુશ્કેલ હોય છે.

આ પ્રકારનાં લેબલ્સની કામગીરીનો અવકાશ ઉત્પાદનનાં જીવનચક્રનાં એક પાસાં પૂરતો કે પર્યાવરણલક્ષી એક ખાસિયત પૂરતો મર્યાદિત હોય છે, નહીં કે એનાં સંપૂર્ણ જીવનચક્ર માટે એટલે આ પ્રકારનાં લેબલ્સ સાથે કોઈ પ્રમાણપત્ર સંકળાયેલું હોતું નથી.

#### ટાઇપ III લેબલ્સ

ટાઇપ ૧ અને ૨થી વિપરીત ટાઇપ ૩ ઇકોલેબલ્સ તથ્યાત્મક માહિતી પ્રદાન કરવા પર કેન્દ્રિત છે. આ માહિતી ઉત્પાદનનાં જીવનચક્રની આકારણમાંથી મળે છે.

પુષ્કળ ટેકનિકલ માહિતી સાથે આ પ્રકારનાં લેબલ્સને સામાન્ય વ્યક્તિ દ્વારા સમજવામાં આવે છે. આ પ્રકારનાં લેબલ્સ ઘણી વાર બિઝનેસ-ટૂ-બિઝનેસ સંચાર માટે ઉપયોગ થાય છે, ખાસ કરીને કંપનીનાં આંતરિક મૂલ્યાંકનો માટે.

ટૂંકમાં ટાઇપ ૩ ઇકોલેબલ્સ ઉત્પાદનની પર્યાવરણલક્ષી અસરનું વિગતવાર, માહિતી-સંચાલિત ચિત્ર રજૂ કરે છે, પણ સરેરાશ ઉપભોક્તા માટે એનું અર્થઘટન કરવા થોડો પ્રયાસ જરૂરી છે. એન્વાયર્મેન્ટલ પ્રોડક્ટ ડિક્લેરેશન (EPD), ધ હોલબારહેટ્સડેક્લેરેશન (ધ સ્વિડિશ સસ્ટેનેબિલિટી ડિક્લેરેશન), વગેરે ટાઇપ ૩ ઇકોલેબલ્સ છે.

# ભારતમાં ઇકો માર્ક અને ગ્રીન સર્ટિફિકેશનઃ પર્યાવરણલક્ષી સાતત્યતાને પ્રોત્સાહન




દુનિયામાં પર્યાવરણલક્ષી ચિંતાને પગલે ભારતે વિવિધ તમામ ક્ષેત્રોમાં પર્યાવરણલક્ષી રીતોને પ્રોત્સાહન આપવા મહત્વપૂર્ણ પગલાં ભર્યા છે. આ સંબંધમાં બે ચાવીરૂપ પહેલો છે - ઇકો માર્ક અને ગ્રીન સર્ટિફિકેશન કાર્યક્રમો. આ પહેલોનો ઉદ્દેશ વ્યવસાયો અને ઉદ્યોગોને પર્યાવરણને અનુકૂળ રીતો અપનાવવા, તેમનું કાર્બન ઉત્સર્જન ઘટાડવા અને સ્વસ્થ પર્યાવરણમાં પ્રદાન કરવા પ્રોત્સાહન આપવાનો છે. ચાલો આપણે આ કાર્યક્રમોની વિગતો, એ માટેની જરૂરિયાતો અને એમાં સંકળાયેલી પ્રક્રિયા પર એક નજર કરીએ.

### ઇકો માર્ક સર્ટિફિકેશન

પર્યાવરણને અનુકૂળ ઉત્પાદન લેબલિંગ યોજના તરીકે પણ ઓળખાતું ઇકો લેબલ એક સ્વૈચ્છિક પ્રમાણપત્ર યોજના છે, જેને ભારત સરકારનાં પર્યાવરણ, વન અને આબોહવામાં પરિવર્તન મંત્રાલય અંતર્ગત બ્યૂરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) દ્વારા પ્રસ્તુત કરવામાં આવી છે. ઇકો માર્કનો મુખ્ય ઉદ્દેશ પોતાનાં જીવનચક્ર દરમિયાન પર્યાવરણીય અસર ઘટાડે એવા ઉત્પાદનોને ઓળખવાનો અને પ્રોત્સાહન આપવાનો છે.

**જરૂરિયાતોઃ**

૧. **પર્યાવરણલક્ષી માપદંડઃ** જે ઉત્પાદનો ઇકો માર્ક સર્ટિફિકેશન મેળવવા ઇચ્છતાં હોય તેમણે BIS દ્વારા નિર્ધારિત ચોક્કસ પર્યાવરણલક્ષી માપદંડો પૂર્ણ કરવા જોઇ સામાન્ય રીતે આ માપદંડો ઊર્જાદક્ષતા, સંસાધનોનું સંરક્ષણ, રિસાયકલ કરવાની ક્ષમતા અને ઉત્સર્જનમાં ઘટાડા જેવા માપદંડોને આવરી લે છે.

૨. **ધારાધોરણોનું પાલનઃ** ઉત્પાદનો BIS દ્વારા નિર્ધારિત પ્રસ્તુત ભારતીય ધારાધોરણોનું પાલન કરવા જોઇએ.

૩. **ડોક્યુમેન્ટેશનઃ** અરજદારોએ તેમનાં ઉત્પાદન પર્યાવરણલક્ષી માપદંડો અને ધારાધોરણોનું પાલન કરે એ દર્શાવવા વિગતવાર ડોક્યુમેન્ટેશન અને પુરાવા રજૂ કરવાની જરૂર છે.

**પ્રક્રિયાઃ**

૧. **અરજી રજૂ કરવીઃ** રસ ધરાવતાં વ્યવસાયો કે ઉત્પાદકો BIS સાથે ઇકો માર્ક સર્ટિફિકેશન માટે લાગુ થાય છે.

૨. **મૂલ્યાંકનઃ** ઉત્પાદન સામે BIS મૂલ્યાંકન પૂર્વનિર્ધારિત પર્યાવરણલક્ષી માપદંડ અને ધારાધોરણો સામે થાય છે.

૩. **પરીક્ષણ (જો જરૂર પડે તો)ઃ** કેટલાંક કિસ્સાઓમાં ઉત્પાદનો ચોક્કસ ધારાધોરણો સાથે નિયમનોનું પાલન સુનિશ્ચિત કરવા પરીક્ષણમાંથી પસાર થઈ શકે છે.

૪. **સર્ટિફિકેશનઃ** સફળતાપૂર્વક મૂલ્યાંકન પૂર્ણ થયા પછી ઉત્પાદનને ઇકો માર્ક સર્ટિફિકેશન મળે છે, જેથી તેમને તેમનાં ઉત્પાદનની પેકેજિંગ પર ઇકો માર્ક લોગોનો ઉપયોગ કરવાની છૂટ મળે છે.




### ગ્રીન સર્ટિફિકેશન (પર્યાવરણલક્ષી પ્રમાણપત્ર)

ગ્રીન સર્ટિફિકેશનમાં ઉત્પાદનનાં લેબલિંગ ઉપરાંત પર્યાવરણને અનુકૂળ વિવિધ પહેલો સંકળાયેલી છે. આ વિવિધ ક્ષેત્રોને લાગુ પડે છે, જેમાં બિલ્ડિંગ, ઉદ્યોગો અને સેવાઓ સામેલ છે તેમજ તેનો ઉદ્દેશ પર્યાવરણલક્ષી રીતોનો અમલ કરતી કંપનીઓને ઓળખવાનો અને એક યા બીજી રીતે બિરદાવવાનો છે.

**જરૂરિયાતોઃ**

૧. **પર્યાવરણલક્ષી ધારાધોરણોનું પાલનઃ** જે કંપનીઓ પર્યાવરણલક્ષી પ્રમાણપત્ર મેળવવા ઇચ્છતી હોય તેમણે તેમનાં ક્ષેત્ર માટે પ્રાસંગિક પર્યાવરણલક્ષી ચોક્કસ ધારાધોરણોનું પાલન કરવું જોઇએ. આ ધારાધોરણોમાં ઊર્જાદક્ષતા, જળ સંરક્ષણ, કચરાનું વ્યવસ્થાપન અને અક્ષય ઊર્જાનાં સ્ત્રોતોનો ઉપયોગ સામેલ હોઇ શકે છે.

૨. **નિયમનકારક જરૂરિયાતોનું પાલનઃ** પર્યાવરણલક્ષી ધારાધોરણો ઉપરાંત અરજદારોએ પર્યાવરણલક્ષી પ્રસ્તુત નિયમનો અને નીતિઓનું પાલન કરવું જોઇએ.

૩. **પર્યાવરણલક્ષી રીતોનો અમલઃ** કંપનીઓએ તેમની કામગીરીની અંદર પર્યાવરણલક્ષી રીતોનો અમલ દર્શાવવાની જરૂર છે,

જેમ કે અક્ષય ઊર્જા સંસાધનોનો સ્વીકાર, કચરો ઘટાડવા જરૂરી પગલાંનો અમલ તથા પર્યાવરણને અનુકૂળ પરિવહનને પ્રોત્સાહન.

**પ્રક્રિયા:**

૧. **પૂર્વ-મૂલ્યાંકન:** અરજદારોનું પૂર્વ-મૂલ્યાંકન થઈ શકે છે, જેથી તેમની પર્યાવરણલક્ષી પ્રમાણપત્ર મેળવવાની સજ્જતા નક્કી કરી શકાય અને સુધારા માટેનાં ક્ષેત્રોની ઓળખ કરી શકાય.

૨. **ડોક્યુમેન્ટેશન અને મૂલ્યાંકન:** કંપનીઓએ તેમની પર્યાવરણલક્ષી રીતોની રૂપરેખાનું વિગતવાર ડોક્યુમેન્ટેશન રજૂ કરવું જોઈએ અને પ્રમાણપત્ર આપતી અધિકૃત સંસ્થાઓ દ્વારા મૂલ્યાંકન થાય છે.

૩. **સાઇટ પર ખરાઈ (જો જરૂર પડે તો):** કેટલાંક કિસ્સાઓમાં સાઇટ પર ખરાઈ હાથ ધરી શકાશે, જેથી પ્રદાન કરેલી માહિતી ચકાસી શકાય અને પર્યાવરણલક્ષી રીતોનાં વાસ્તવિક અમલનું મૂલ્યાંકન થઈ શકે.

૪. **સર્ટિફિકેશન:** સફળ મૂલ્યાંકન પછી કંપનીઓને ગ્રીન સર્ટિફિકેશન કે પર્યાવરણલક્ષી પ્રમાણપત્ર આપવામાં આવે છે, જે તેમની પર્યાવરણલક્ષી સાતત્યતા માટે કટિબદ્ધતાનો પુરાવો છે.

## યોજનાઓનો ઉદ્દેશ

૧. **ઉત્પાદકો અને આયાતકારોને પ્રોત્સાહન:** પર્યાવરણ માટે શ્રેષ્ઠ ઉત્પાદનો બનાવવા કંપનીઓને પ્રોત્સાહન

૨. **ઉપભોક્તાઓમાં જાગૃતિ:** જ્યારે ઉપભોક્તાઓ ખરીદી કરે છે, ત્યારે તેમને પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનોની પસંદગી કરવા માહિતી પ્રદાન કરવી

૩. **પર્યાવરણને અનુકૂળ ખરીદીને પ્રોત્સાહન:** પર્યાવરણ પર ઓછી નુકસાનકારક અસર ધરાવતાં ઉત્પાદનોની ખરીદી કરવા લોકોને પ્રોત્સાહન આપવું

૪. **પર્યાવરણલક્ષી ગુણવત્તામાં સુધારો:** સંપૂર્ણ પર્યાવરણમાં સુધારો અને સંસાધનોનાં કાયમી ઉપયોગને ટેકો.

**માપદંડ:**

**અતથી ઇતિ સુધીનો સુધીનો અભિગમ:** કાચી સામગ્રી મેળવવાથી લઈને ઉત્પાદન અને તેનાં નિકાલ સુધી ઉત્પાદનોનું **મૂલ્યાંકન બહોળા અને ચોક્કસ માપદંડ:** સાધારણ પર્યાવરણલક્ષી પાસાં આવરી લેવા, પરંતુ ઉત્પાદનની ચોક્કસ અસરો પર ધ્યાન કેન્દ્રિત કરવું.



**પર્યાવરણલક્ષી અસરનાં મુખ્ય માપદંડો:**

1. **પ્રદૂષણમાં ઘટાડો:** ઉત્પાદનોએ ઉત્પાદન, વપરાશ અને નિકાલ દરમિયાન આ જ પ્રકારનાં ઉત્પાદનોની સરખામણીમાં ઓછું પ્રદૂષણ ફેલાવવું જોઈએ.

૨. રિસાયકલિંગ અને જૈવનાશકક્ષમતા: ઉત્પાદનો રિસાયકલ કરેલી સામ્રીઓમાંથી બનેલા હોવા જોઈએ, રિસાયકલ કરી શકાય એવા હોવા જોઈએ, અથવા જૈવનાશકક્ષમતા ધરાવતાં હોવા જોઈએ, જે આ જ પ્રકારનાં ઉત્પાદનો ધરાવતાં ન હોય.

૩. સંસાધનનું સંરક્ષણ: ઉત્પાદનો પુનઃપ્રાપ્ય ન થઈ શકે એવા સંસાધનોને બચાવવામાં મદદરૂપ થવા જોઈએ, જેમાં ઊર્જા અને કુદરતી સામગ્રીઓ સામેલ છે, આ ઉત્પાદનો સરખામણી કરી શકાય એવા ઉત્પાદનો કરતાં વધારે અસરકારક હોવા જોઈએ.

૪. પ્રાથમિક પર્યાવરણલક્ષી અસર: દરેક ઉત્પાદન એનાં વપરાશ સાથે સંકળાયેલી સૌથી વધુ મહત્વપૂર્ણ પર્યાવરણીય અસર ઘટાડવા જોઈએ, જે દરેક ઉત્પાદન કેટેગરી માટે લાગુ છે.




**ઇકોલેબલનાં ફાયદા**

» પર્યાવરણને અનુકૂળ ઉત્પાદન વિકસાવીને નવીનતાને પ્રોત્સાહન
» ઉપભોક્તાનાં બદલાતાં રસને પૂર્ણ કરવા બજારોમાં વૃદ્ધિ
» જાણકાર બનવાની તક પ્રદાન કરવી
» ઉત્પાદનનાં નવા નેટવર્ક મારફતે નવી મૂલ્ય સાંકળો બનાવવી
» પર્યાવરણલક્ષી દાવાઓમાં સટિકતા સુનિશ્ચિત કરવી
» પર્યાવરણને અનુકૂળ ઉત્પાદન માટે ઉપભોક્તાનાં અભિગમને ઘડવો
» ધારાધોરણો અનુસરીને આર્થિક કાર્યદક્ષતા હાંસલ કરવી
» સસ્ટેનિબિલિટી માટે નાણાકીય ટેકો પ્રદાન કરવો
» પર્યાવરણલક્ષી સુધારા માટે ખર્ચનું પુનર્વિતરણ કરવું.




### વ્યૂરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ [BIS]

BIS ઉત્પાદનોનાં પ્રમાણીકરણ અને પ્રમાણપત્ર આપવામાં ભૂમિકા ભજવે છે, જેમાં ઇકો લેબલ્સ પણ સામેલ છે. ઇકો લેબલ્સનાં દૂરુપયોગ માટે BIS ધારા અંતર્ગત દંડ અને સજા નીચે મુજબ છે:

**૧. BIS સર્ટિફિકેશન માર્કનો દૂરુપયોગ:**

જો કોઈ વ્યક્તિ BIS સર્ટિફિકેશન માર્ક (ઇકો-લેબલ્સ સહિત) નો ઉપયોગ સત્તામંડળની મંજૂરી વિના કરે, તો તેઓ દંડ અને સજાને પાત્ર છે.

**દંડ:** એક વર્ષ સુધીની જેલ કે રૂ. ૫૦,૦૦૦ સુધીનો દંડ, અથવા બંને.

**૨. ખોટી રજૂઆત:**

જો કોઈ વ્યક્તિ ખોટી રીતે રજૂઆત કરે કે ઉત્પાદન BIS દ્વારા પ્રમાણિત છે, તો તેની સામે કાયદેસર કાર્યવાહી થશે.

**દંડ:** એક વર્ષ સુધી જેલની સજા કે રૂ. ૫૦,૦૦૦ સુધીનો દંડ, અથવા બંને.

સતત અપરાધ: પ્રથમ અપરાધ પછી દરરોજ એ ચાલુ રહે તો વધારાનો દંડ થઈ શકશે.

વધારાનો દંડ: દરરોજ રૂ. ૫,૦૦૦ સુધી




**3. ઉપભોક્તા સુરક્ષા ધારો, ૨૦૧૯:**

ઉપભોક્તા સુરક્ષા ધારો મુખ્યત્વે ગેરમાર્ગે દોરતી જાહેરાત અને અનુચિત વેપારી રીતો વિશે સાથે સંબંધિત છે, જેમાં ઇકો-લેબલનો દૂરુપયોગ, દંડ અને સજા સામેલ છે, જે નીચે મુજબ છે:

ગેરમાર્ગે દોરતી જાહેરાત:

જો કોઈ જાહેરાતમાં ખોટો દાવો કરવામાં આવે કે ઉત્પાદન ઇકો-લેબલ કે અન્ય સર્ટિફિકેશન ધરાવે છે, તો તેને ગેરમાર્ગે દોરતી જાહેરાત ગણવામાં આવે છે.

**દંડ:-**

પ્રથમ અપરાધ: રૂ. ૧૦ લાખ સુધીનો દંડ.

પછી અપરાધ: રૂ. ૫૦ લાખ સુધી.

જેલ: બે વર્ષ સુધીની જેલની સજા શક્ય છે.

**૪. અનુચિત વેપારી રીતો:**

ઉત્પાદનની પર્યાવરણને અનુકૂળ ખાસિયતો ખોટી રીતે રજૂ કરવી એ અનુચિત વેપારી રીત છે.

**દંડ:**

પ્રથમ અપરાધ: રૂ. ૧૦ લાખ સુધીનો દંડ.

પછી અપરાધ: રૂ. ૫૦ લાખ સુધી.

જેલ: બે વર્ષ સુધીની જેલની સજા શક્ય છે.

**૫. ઉપભોક્તાને વળતર:**

જો ઉપભોક્તાઓ ઇકો-લેબલ્સનાં દાવા દ્વારા ગેરમાર્ગે દોરાય, તો તેઓ ઉપભોક્તા વિવાદ સમાધાન પંચ તેમજ કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર (CERC)માં ફરિયાદ કરી શકે છે.

**વળતર:** ગેરમાર્ગે દોરતી રજૂઆત બદલ થયેલા કોઈ પણ નુકસાન માટે પંચ વળતરનો આદેશ આપી શકે છે.

### તારણ

ઇકો માર્ક અને ગ્રીન સર્ટિફિકેશન કાર્યક્રમો ભારતમાં પર્યાવરણલક્ષી સાતત્યતા અને સંરક્ષણને પ્રોત્સાહન આપવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. ઉદ્યોગો અને વ્યવસાયોને પર્યાવરણને અનુકૂળ રીતો અપનાવવા માટે પ્રોત્સાહન આપીને આ પહેલો પર્યાવરણને નુકસાન ઘટાડવામાં અને ઉજ્જવળ ભવિષ્યને પ્રોત્સાહન આપવામાં પ્રદાન કરે છે. જોકે ધારાધોરણો પર સતત નજર રાખવા અને એનો અમલ કરાવવાથી લાંબા ગાળે આ સર્ટિફિકેશન કાર્યક્રમોની અસરકારકતા અને વિશ્વસનિયતા સુનિશ્ચિત થાય એ આવશ્યક છે.

### સ્રોતો


1. htt s://cpcb.nic.in/eco-scheme/
2. http:// ww.fao.org/3/y2789e/y2789e06.htm
3. Eco-labels: A Tool for Green Marketing or Ju t a Blind Mirror for Consumers: htt s://escholarship.org/uc/item/6k83s5mv
4. Increasing the e ecti eness of ecological food signal: Comparing sustainability tag with eco-labels: htt s://www.sciencedirect.com/science/article abs/pii/S0148296321007803
5. htt s://www.clasp.ngo/wp-content/uploads/2021/01/Ecolabel-final- eport.pdf
6. Eco mark Certi ation Rule, 2023: tt s://compass.rauias.com/current-a airs/ecomark-certi ation rule-2023/
7. Environmental Protection Act,1986 tt s://www.indiacode.nic.in/bitstream/123456789/4316/1/ep_act_1986.pdf
8. BIS Eco-mark Scheme:htt s://www.bis.gov.in/product-certi ation eco-mark-scheme/

## ઈવેન્ટ્સ (એપ્રિલ - જૂન, ૨૦૨૪)

૧.ડો. કાર્તિક અંધારિયા, પ્રોગ્રામ અધિકારી, CERC EIACP PC RP એ રેવાતીર્થ એપાર્ટમેન્ટ, ભાવનગરનાં સભ્યો માટે વિશ્વ પૃથ્વી દિવસ પર "પૃથ્વી vs. પ્લાસ્ટિક"ની થીમ પર એક જાગૃતિ સત્રનું આયોજન કર્યું હતું.



2. ડો. કાર્તિક અંધારિયા, પ્રોગ્રામ અધિકારી અને શ્રી કરન ઠક્કર, માહિતી અધિકારીએ ૨ મે, ૨૦૨૪નાં રોજ CERC નાં વર્ગમાં ઇન્ટર્ન્સ સાથે મિશન LiFE, ઇકો લેબલ, જાડાં અનાજો અને પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી પર એક જાગૃતિ સત્રનું આયોજન કર્યું હતું.






૩. અનિંદિતા મહેતા, COO, CERC, બોર્ડ ટ્રસ્ટી અને સંયોજક, EIACP, MoEF&CC, તાજેતરમાં યોજાયેલી INC ૪, કેનડાના ઓટ્ટાવામાં પ્લાસ્ટિકની સંધિ પર વાટાઘાટોનાં પરિણામો પર એએમએ (સેવાભાવી સંસ્થા પર્યાવરણ મિત્ર સાથે જોડાણમાં) એક સેમિનારમાં કીનોટ વક્તા હતા. ડો. કાર્તિક અંધારિયા, પ્રોગ્રામ અધિકારી, EIACP, CERC પણ સેમિનારમાં ઉપસ્થિત રહ્યાં હતાં અને તેઓ ચર્ચામાં સામેલ થયાં હતાં.
આ કાર્યક્રમને મીડિયામાં બહોળું કવરેજ મળ્યું હતું.






Giving details of his participation at INC-4, Chiragh Bhimani said, a major focus of the meet was micro plastics found in marine life across the globe. Offering examples of micro plastics found in the fishes consumed in the countries along the Pacific coasts, in an answer to a Counterview query, he regretted that there is no such study on Gujarat, which accounts for 20% of India's sea coast, and where fisheries is a major means of coastal livelihood for fisherfolk.

Expressing similar concern, Anindita Mehta, senior official at the Consumer Education and Research Centre (CERC), Ahmedabad, and trustee, Consumers International, said, the only study that she has come across on marine pollution in India because of micro plastics is by the SRM College, Chennai, carried out along the Tamil Nadu sea coast. "There should be a study on Gujarat coastal region too", she insisted.




૪. આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસની ઉજવણી પર CERC-EIACPએ કાયદા શાખાનાં બે વિદ્યાર્થીઓ સુશ્રી પ્રાંજલ અને સુશ્રી આયુષી (હાલ CERC ઇન્ટર્ન) દ્વારા ૨૨ મે, ૨૦૨૪નાં રોજ CERCનાં વર્ગમાં વિશેષ પ્રેઝન્ટેશનનું આયોજન કર્યું હતું. તેમણે જૈવવિવિધતાનું રક્ષણ કરવા માટે જૈવવિવિધતા ધારા, ૨૦૨૨ની મહત્વપૂર્ણ કાયદાકીય માળખાની જોગવાઈ અને આ સંબંધિત વિવિધ અગત્યનાં મુદ્દાઓ પર ઉપયોગી ચર્ચા કરી હતી. CERC-EIACPનાં પ્રોગ્રામ અધિકારીનાં માર્ગદર્શન હેઠળ સુશ્રી પ્રાંજલ અને સુશ્રી આયુષીએ કાયદાની નજરથી જૈવવિવિધતાનાં સંરક્ષણની જટિલતાઓ પર પ્રકાશ પાડ્યો હતો. આ માહિતીપ્રદ સત્રમાં તમામ સહભાગીઓ માટે ઉપયોગી માહિતી પ્રદાન કરવામાં આવી હતી.








૫. ડૉ. કાર્તિક અંધારિયા, પ્રોગ્રામ અધિકારીએ વિશ્વ પર્યાવરણ દિવસ પર CERCના વર્ગમાં ગુજરાત યુનિવર્સિટીનાં ફૂડ સાયન્સ એન્ડ ન્યૂટ્રિશન વિભાગ અને ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીનાં બાયોટેકનોલોજી વિભાગનાં વિદ્યાર્થી માટે એક જાગૃતિ સત્રનું આયોજન કર્યું હતું.



૬. વિશ્વ ખાદ્ય સલામતી દિવસની ઉજવણી બ્લૂ બેલ સ્કૂલ (ધોરણ ૮, ૯ અને ૧૦)નાં વિદ્યાર્થીઓ અને સ્ટાફનાં સભ્યો તથા ગુજરાત યુનિવર્સિટી અને ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીનાં ઇન્ટર્ન્સ સાથે CERCના વર્ગખંડમાં થઈ હતી. ડૉ. કાર્તિક અંધારિયા, પ્રોગ્રામ અધિકારીએ પર્યાવરણને અનુકૂળ ખાદ્ય વ્યવસ્થા પર એક સત્ર લીધું હતું, જેમાં વિદ્યાર્થીઓને તેમનાં રોજિંદા જીવનમાં સ્વસ્થ અને પર્યાવરણને અનુકૂળ આહારની રીતો કેવી રીતે અપનાવવી એ વિશે જાણકારી આપી હતી.






૭. CERCએ અગાઉનાં વર્ષોનાં હરિયાળાં લીલીછમ વાતાવરણને તથા હવે આબોહવાની વાસ્તવિક અસર કેવી રીતે થઈ છે અને પૃથ્વી પર અસરને કેવી અસર થઈ છે એ દર્શાવવા એક સામુદાયિક કાર્યક્રમનું આયોજન કરવા એક સ્થાનિક સાંસ્કૃતિક જૂથને ટેકો આપ્યો હતો. અનિંદિતા મહેતા, COO CERC, બોર્ડનાં ટ્રસ્ટી CI, અને પ્રોગ્રામ સંયોજકે પંડિત દીનદયાળ ઓડિટોરિયમમાં ૭૦૦+ વિશાળ શ્રોતા સામે વાત કરી હતી. ડો. કાર્તિક અંધારિયા, પ્રોગ્રામ અધિકારી, CERC-EIACPએ જાગૃતિ અભિયાન હાથ ધર્યું હતું, જેમાં પોસ્ટર્સ, પેમ્ફ્લેટ વહેંચવામાં આવ્યાં હતાં તથા BCC / IEC સામગ્રીનું પ્રદર્શન થયું હતું.







૮. CERC-EIACP PC-RP એ સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા મિશન LiFE અંતર્ગત સી કે પટેલ સ્કૂલ, અમદાવાદ (ધોરણ ૯થી ૧૧)નાં વિદ્યાર્થીઓ સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૪ની ઉજવણી કરી હતી. સુશ્રી મયુરી ટાંકે, આઇટી અધિકારી (તાલીમબદ્ધ યોગ શિક્ષક), CERC-EIACP એ યોગનું એક સત્ર લીધું હતું અને ડો. કાર્તિક અંધારિયા, પ્રોગ્રામ અધિકારી, CERC-EIACP એ શાળાનાં વિદ્યાર્થીઓ ને સ્ટાફનાં સભ્યો માટે સાતત્યપૂર્ણ જીવનશૈલી પર એક જાગૃતિ સત્ર હાથ ધર્યું હતું.





CERC
Since 1978




સ્ત્રોત: https://vakilsearch.com/blog/eco-mark-scheme-2/

EIACP ના ટૂંકા નામે જાણીતી એન્વાયર્મેન્ટલ ઇન્ફોર્મેશન, અવેરનેસ, કેપેસિટી બિલ્ડિંગ એન્ડ લાઇવ્લીહૂડ પ્રોગ્રામ જે અગાઉ ધ એન્વાયર્નમેન્ટ ઇન્ફોર્મેશન સિસ્ટમ (ENVIS) નો અમલ છઠ્ઠી પંચવર્ષીય યોજનાના અંતમાં પર્યાવરણ, વન અને આબોહવામાં પરિવર્તન મંત્રાલય દ્વારા કરવામાં આવ્યો હતો. નીતી નિર્ધારિકો, નિર્ણય લેનારાઓ, વિજ્ઞાનીઓ, પર્યાવરણવિદો, સંશોધકો, શિક્ષણવિદો અને અન્ય હિતધારકોમાં એન્વાયર્નમેન્ટલ ઇન્ફોર્મેશન સિસ્ટમ, કોલેશન, સ્ટોરેજ, રીટ્રાઇવલ અને વિતરણ માટે તેનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પર્યાવરણ, વન અને આબોહવામાં પરિવર્તન મંત્રાલયે "એન્વાર્યનમેન્ટ લિટરસી-ઇકો લેબલિંગ અને ઇકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ" ની માહિતી એકત્ર અને વિતરિત કરવા કન્ઝ્યુમર એજ્યુકેશનએન્ડ રિસર્ચ સેન્ટર (CERC) અમદાવાદની પસંદગી કરી હતી. EIACP રિસોર્સ પાર્ટનરનો મુખ્ય હેતુ ઇકો પ્રોડક્ટ્સ, આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય ઇકો લેબલિંગ પ્રોગ્રામ્સની માહિતી પ્રસાર કરવાનો છે.


## સામયિકનાં મુદ્રક અને પ્રકાશક

**પ્રોજેક્ટ કોઓર્ડિનેટર, CERC-EIACP પ્રોગ્રામ સેન્ટર, રિસોર્સ પાર્ટનર, કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર વતી**

૮૦૧, આઠમો માળ, સાકાર ૨ બિલ્ડીંગ, એલિસબ્રીજ શોપિંગ સેન્ટરની પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૬, ગુજરાત, ભારત
ફોન: ०७૯ - ૩૫૩૩૭૨૬૨-૬૫

cerc@cercindia.org
<cerc@cercindia.org>;
http:// ww.cercenvis.nic.in/

@CERC.EIACP
@cerc_eiacp
@cerc_eiacp
@CERC-EIACP


**અમને લખો: અમે તમારા અભિપ્રાય અને સૂચનોને આવકારીએ છીએ. આ મુદ્દે તમારા પ્રતિભાવ મોકલો. ઇકો પ્રોડક્ટ અને ઇકો લેબલિંગ અંગે આપનો યોગદાન આવકાર્ય છે**


**સૂચના**

**આ ન્યૂઝલેટરમાં પ્રકાશિત કરવામાં આવેલી માહિતી CERC અથવા EIACP ના અભિપ્રાય રજૂ કરે તે જરૂરી નથી. અહીં પ્રકાશિત કરવામાં આવેલી તસવીરો અને વિષય વસ્તુ નો હેતુ ગૌણ સ્રોતમાંથી માહિતી પૂરી પાડવાનો છે.**



**મુદ્રણ**

**પ્રિન્ટ એક્સપ્રેસ, અમદાવાદ**